# પ્રેસનોટ

અમદાવાદ શહેરમાં હાલમાં પોલીસ કમિશ્નરશ્રીના **જાહેરનામા ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૧૪/૨૦૧૪ તા.૧૯/૬/૨૦૧૪** થી તમામ પ્રકારના ભારે વાહનોને સવાર કલાક ૦૭.૦૦ થી રાત્રી કલાક ૨૨.૦૦ સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. જેમાં વિસ્તાર દિઠ બપોર કલાક ૧૩.૦૦ થી ૧૬.૦૦ સુધી છુટ છાટ આપવામાં આવેલ છે. અમદાવાદ શહેરમા વિવિધ વિસ્તારોમા ટ્રાફીક પીક અવર્સ દરમ્યાન ભારે તથા મધ્યમ પ્રકારના ભાર વાહક તથા પેસેન્જર વાહનો, ટ્રેક્ટર-ટ્રેઇલર સહીતના ધીમા ચાલતા યાંત્રિક વાહનો તેમજ આ વાહનો વ્યાપારી ધોરણે ઉપયોગમાં લેવાતા હોય તેવા વાહનોના પ્રવેશને સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તાર તથા અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવતું ઉપર મુજબનું જાહેરનામું અમલમાં છે. પરંતુ શહેરમાં વિવિધ જગ્યાઓ ખાતે સરકારી બાંધકામ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બાંધકામ અને વિવિધ કંન્ટ્રકશન કંપનીઓ દ્વારા શહેરમાં થતા બાંધકામ જે તાકીદે અને સમયમર્યાદામાં પુર્ણ કરવાના હોઇ તે માટે કામના સ્થળે ભારે વાહન લાવવા લઇ જવા માટે અત્રેથી મંજુરી માંગવામાં આવતી હોય છે. તેમજ સામાજિક પ્રસંગ, ધાર્મિક પ્રસંગ, વિવિધ કાર્યક્રમો કે અન્ય હેતુ માટે લક્ઝરી બસને શહેરમાં પ્રતિબંધિત સમયમાં શહેરમાં લાવવા માટે પણ અત્રેથી મંજુરી માંગવામાં આવતી હોય છે. જે અનુસંધાને હવે પછીથી આવી પરમીશન માંગનારે જે વાહનની પરમીશન લેવાની હોય તેની સાથે નીચે નીચે મુજબની સચોટ વિગત સાથે અરજી આપવાની રહેશે.

- **ભારે વાહનો માટે (ટ્રેલર,ડમ્પર,ટ્રક ટ્રેક્ટર, ટ્રાન્ઝીટ મીક્ષર કે અન્ય ભારે વાહન) :**
  - આર.સી.બુકની નકલ
  - વીમાની નકલ
  - ડ્રાઇવરના નામ લાયસન્સની નકલ
  - દરેક વાહનમાં પાછળ, આગળ અને સાઇડમાં રિટ્રો રિફ્રેક્ટીવ ટેપ લગાડ્યાનો ફોટો (વાહનના નંબર આવે તે રીતે)
  - ભારે વાહનમાં સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ **૧૨૪ [૧ (એ) (ii)] માં નિર્દિષ્ટ ર્ક્યા પ્રકારના FUPD, SUPD,RUPD** (ફ્રંન્ટ, સાઇડ અને બેક અન્ડરન પ્રોટેકશન ડીવાઇસ) લગાવવાની ખાત્રી અથવા લગાવેલ ફોટો
  - સરકારી /અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કો ન્ટ્રાક્ટની નકલ અને ડેપ્યુટી ઇજનેર સમકક્ષ અધિકારીનું ભલામણ પત્ર
  - ટ્રેક્ટર અને ટ્રેલરના પાસિંગની નકલ

- ફિટનેશ સર્ટીફિકેટની નકલ

## ❖ <u>લક્ઝરી બસ</u>

- કાળા કાચ નહીં જોઇએ આ સાબિત કરતો ફોટો
- FUPD, SUPD,RUPD (ફ્રંન્ટ, સાઇડ અને બેક અન્ડરન પ્રોટેકશન ડીવાઇસ) અને રિફ્રેક્ટીવ ટેપ (આગળ અને પાછળ) નિયમ પ્રમાણે લગાવેલ હોવું જોઇએ.
- પેસેન્જરની યાદી
- આર.સી.બુક; ડ્રાઇવરનું લાયસન્સની નકલ
- વિમાની નકલ
- ફિટનેશ સર્ટીફિકેટની નકલ

(હરિકૃષ્ણ પટેલ)
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર